# નટખટ ............ નંદકિશોર

શ્રી ગુરૂચરન સરોજ રજ, નિજ મન મુકુર સુધારિ
બરનઉ રઘુવર વિમલ જસ, જો દાયક ફલ ચારિ ...!!
બુદ્ધીહિન તનુ જાનીકે, સુમીરો પવનકુમાર
બલ બુધ્ધિ વિદ્યા દેહુ મોહે, હરહુ કલેસ વિકાર ...!!

ગુરૂપુર્ણિમાનું પવિત્ર પર્વ ઉજવાઈ રહયું છે, ગુરૂજીની ઉપસ્થીતીમાં ગુણવંતરાયના બન્ને ગુણીયલ પુત્રો ચંગુ અને મંગુ, વાયોલીનની સંગત પર શ્રી હનુમાન ચાલીસાનું ગાન કરવા જઈ રહયા છે. રાગ બાગેશ્રીમાં સૂર મેળવવા, સ્વભાવે ચંચળ પ્રધાન ચંગુ પોતાના વાયોલીન પર એવીતો ફડફડાટી બોલાવી રહયો છે... જાણે કે આંગળી ફરે છે કે મશીન ...!! અને રૂવાંડે રાંક એવો વૈશ્નવજન મંગુ એકનો એક સૂર ઘસ્યા કરે છે. ..'સા'–આ–આ ...!!

ધર્મ–ધુરંધર... પરમ... પૂજય (ધ–ધુ–પ–પુ) મહારાજ શ્રી પ્રેમસાગર (પૂર્વાશ્રમનો ... "પપ્પુ" પાન વાળો ...!!) મંગુ ને હળવી ટકોર કરે છે કે "તારો ભાઈ આટલી બધી "એકસોવીસ–ત્રણસો" ની ઝડપે ધડબડાટી બોલાવી રહયો છે, અને તું તો સાવ કાચી સોપારીની જેમ એક નો એક સુર પકડીને બેઠો છે..... ત્યારે સાધુ વાણીયા સ્વરૂપ મંગુ, સંત ની જીજ્ઞાસા નું સમાધાન કરતાં કહે છે કે .. "હે –ધ–ધુ–"પપ્પુ" ... ચંગુ 'સા' શોધી રહયો છે, અને મને 'સા' મળી ગયો છે. ...!!

(ઉપરની વાર્તા અને નીચેના લેખનો સાર :– વાનર પ્રકૃતિ ધરાવતું જાગૃતમન લક્ષ્યપ્રાપ્તી માટે તરફડીયા માર્યા કરે છે, જયારે સ્વભાવે સ્થિતપ્રજ્ઞ એવુ અર્ધજાગૃત મન.. જીવનના સત્યને બહુજ સરળતા થી પ્રાપ્ત કરી લે છે.)

નમસ્કાર હું બંદિશ દેસાઈ,

આપ સર્વનું અલ્લાદિનનાં જાદુઈ ચીરાગ જેવા અર્ધ જાગૃત મનની શકિત ઉજાગર કરતા લેખમાં હાર્દિક સ્વાગત કરૂ છું. દિવાળી અંકના મારા લેખ સંદર્ભે ઘણા સ્નેહીજનોના શુભેચ્છા સંદેશ મળેલ તથા વિષયવસ્તુ પર વધારે પ્રકાશ પાથરવા જણાવેલ.

હૃદયપૂર્વકની નોંધ કે મને પ્રોત્સાહીત કરતો સર્વપ્રથમ શુભેચ્છા કોલ સુગમ સંગીતના ભીષ્મપિતામહ એવા પરમ આદરણીય શ્રી દિલીપભાઈ ધોળકીયા તરફથી મળેલ, કે જે ઘટના પરમાત્માનો પ્રસાદ સમજું છું, અને સદગુરૂ સ્વરૂપ આપની વાણીમાંથી એ સમયે પ્રગટી રહેલ અહંકારશુન્ય બાળસહજ નિર્દોષતાથી સુશોભિત પ્રોત્સાહન મારા માટે લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી પણ વિશેષ છે. કલમ–કડછી બરછીના તમામ વહાલા વાચકો વતી અર્પણ છે. અમારા લાગણીભના બે અશ્રુબિન્દુ .. આપને ચરણ.

ફરીથી .... સર્વ જ્ઞાતી જનોનાં જીવનમાં આનંદ પ્રગટાવવામાં આ લેખ નિમિત્ત બને એવી પ્રાર્થના સહ .. ભારેખમ વિષયને હળવો બનાવવા ગમ્મત સાથે જ્ઞાનયાત્રામાં આગળ વધીએ...!! મોટા ભાગના વૈજ્ઞાનિકોએ મન ને મુખ્યત્વે બે વિભાગમાં વહેચેલ છે. એક જાગૃતમન કે જેનો હિસ્સો દસ ટકા છે અને બીજુ અર્ધજાગૃત મન કે જેનો નેવું પ્રતિસત છે. કમનસીબે મોટાભાગની વ્યકિતઓનું જીવન આ દસ ટકા જાગૃતમનનાં સહારે જ સમાપ્ત થઈ જાય છે. સુષુપ્તબીજની જેમ સંભાવનાઓથી ભરપુર અર્ધજાગૃત મનનાં જો થોડા ઘણા પ્રતિસત ઊર્જાનો પણ ઉપયોગ કરવામાં આવે તો વ્યકિત અણું માંથી વિભુ બની શકે છે. કહેવાય છે કે આઈનસ્ટાઈન એમના અર્ધજાગૃત મનની આઠથી દસ ટકા શકિતનો ઉપયોગ કરીને માનવમાંથી

મહામાનવ બની ગયા..જો પુરેપુરા નેવું ટકા શકિતનો ઉપયોગ થઈ શકે તો વ્યકિત વિભુથી પણ આગળ, ભગવાન શ્રી કૃષ્ણ જેવા 'પ્રભુ' બની શકે છે. ...!!

સતત વિચારોની શ્રુંખલા જાગૃત મનની દેન છે, જયારે પારલૌકીક જગત સાથે સીધોજ સંબંધ ધરાવતું હોવાને કારણે, આ વિશ્વ શકિતના કયાં બીંદુ પર આપણી ઈચ્છાપૂર્તિનો ઉકેલ પડેલ છે, તેને પકડી લાવીને સ્વપ્ન સંકેત દ્વારા (થોમસ આલ્વા એડીશનની જેમ)... વિચાર ઝબકાવીને (આઈઝેકન્યુટનની જેમ)... આત્મપ્રેરણા દ્વારા (મહાત્માગાંધી ની જેમ).... કે યોગ્ય તક ઉભી કરીને (ધીરૂભાઈ ની જેમ)... આપણી સમક્ષ પ્રગટ કરવાનું કામ અર્ધજાગૃત મનનું છે... ચાહે થોડા સમયમાં .. ચાહે થોડા વર્ષોમાં ... કે ચાહે થોડા જન્મોમાં ...!! ઉદાહરણ તરીકે વહેલી સવારે ઉઠવાના દ્રઢ સંકલ્પ સાથે ઉંઘી જનાર આપણાં માંથી ઘણાંને એલાર્મ વાગતા પહેલાજ જાગી જવાનો આશ્ચર્યજનક અનુભવ થાય છે. (પરીણામ મળ્યું થોડા સમયમાં) ... દુબળો દેહ ધરાવતા સત્યના પૂજારીને જયારે જોહનીસબર્ગની ટ્રેનમાંથી બહાર ધકેલી દેવામાં આવ્યા ત્યારે એમના જ દ્રઢ સંકલ્પે તમામ અંગ્રેજ સલ્તનતને હિન્દુસ્તાનમાંથી ખદેડ બહાર કરી દીધી.. (પરીણામ .. ચાલીસ વર્ષે ) અને ઘણાં કિસ્સામાં કોઈ ખાસ વ્યકિતની પ્રથમ મુલાકાતની પ્રથમ દ્રષ્ટી એજ એવો એહસાસ થાય છે કે... હમ તુમ યુગ યુગ સે યે ગીત મિલનકે ગાતે રહે હે...!!

હવે એ જોઈએ કે અર્ધજાગૃત મનને ઉજાગર કઈ રીતે કરી શકાય.? એ માટેની ટેકનીક છે રીલેક્ષેશન એન્ડ વીઝયુલાઈઝેશન ...!! એટલે કે આપણાં મનોજગત પર કલ્પના દ્વારા આપણા લક્ષ્યને વર્તમાનકાળ માં થતું નીહાળવું અને એમાં ઓતપ્રોત થઈ જવું. વ્હાલા વાચકો... આંગળી ઉચી કરો.. આપનામાંથી મોર્નિંગવોક કરવા જવું કેટલાને ગમે ?? ... વેલ .. મોટા ભાગનાને .... હાથ નીચો ...!! આપણે 'મોર્નિંગવોકના' બે અલગ-અલગ દ્રષ્યો એક પછી એક વીઝયુલાઈઝ કરીશું.

શાંત ચીતે બેસીને ... ઉંડો શ્વાસ લઈને.. હળવેકથી આંખો બંધ કરો અને માનસપટ પર કલ્પના કરો કે ...!! રંગબેરંગી ફુલો અને પતંગીયાઓથી ભરપુર લીલીછમ હરીયાળી વચ્ચેથી રસ્તો પસાર થઈ રહયો છે. ભીની મોસમની પ્રથમ વર્ષાનું સંગીત છે... ખળખળ વહેતા ઝરણાં ની ઉપર એક નાનકડો પુલ છે કે જેની ઉપરથી તમે પસાર થઈ રહયા છો.. બાજુમાં ગુલમહોરનાં વૃક્ષ પરથી મીઠો ટહૂકાર કરતી કોયલ ઉડીને અન્ય ડાળ પર જઈ રહી છે. તેને નીહાળવા તમે ઉપર ની તરફ દ્રષ્ટી કરી રહયા છો, અને ખરી રહેલ ગુલમહોરનાં અસંખ્ય પુષ્પોની તમારી ઉપર વર્ષા થઈ રહી છે, અને દિવ્ય આનંદથી તરબોળ તમારૂં મન ઝુમી ઉઠે છે કે .... આજ ફિર જીને કી તમન્ના હે...!!

હવે વીઝયુલાઈઝ કરો દ્રષ્ય નંબર (૨)....તમે પ્રવેશ કરો છો તે બગીચો ઉજડ અને વેરાન છે... પગદંડી પર ઠેરઠેર ગંદકીની નાની નાની ઢગલીઓ પર તમારો પગ ના પડી જાય તેની ચીવટ રાખીને તમેં ચાલી રહયા છો... મોર અને ઢેલ આકારનાં સરૂના ઝાડ સુકાઈ જતાં ફકત સળીયા ના હાડપીંજર જ દ્રષ્યમાન થઈ રહયા છે. તુટેલા બાંકડાના અવષેશ પર સુતેલા ભિક્ષુકની ઉપર માખીઓ બણબણી રહી છે અને તમારૂં હૃદય દ્રવી ઉઠે છે કે... ઉઝડા હુવા ગુલશન હે .. રોતા હુવા માલી હે...!!

તમને ઉપરોકત બન્ને માંથી કયા બગીચામાં ફરવા જવાનું ગમે ? સ્પષ્ટ છે કે સુંદર અને સુંગધીત બગીચામાંજ ...!! આપણા જીવનબાગનું પણ આવુંજ છે આપણી ઝીંદગી સફળતા, સમૃદ્ધિ સુખ, સત્કાર્ય અને શાંતીથી ભરપૂર હોય તો જગત આખું આપણામાં એમનો આનંદ શોધે છે અને પામે છે. જો તમારો જીવનબાગ આવો સુંદર બનાવવો હોય તો પરમાત્માએ તમને ફળદ્રુપ જમીન આપેલીજ છે.... અર્ધજાગૃત મન સ્વરૂપે... અને કુશળ માળી પણ .. જાગૃત મન તરીકે. ...!! તમારો જીવનબાગ કેવો બનશે ? તમને

**મનુષ્યના દેહવિલય દરમ્યાન અર્ધ જાગૃત મન બુદ્ધિ,ચિત્ત,અહંકાર સાથે જ રહે છે**

જીવનમાં શું જોઈએ છીએ ? તેનું પ્લાનીંગ માળી સ્વરૂપ જાગૃતમન કરે છે, અને તેને ઉગાડી આપવાનું કામ અર્ધજાગૃત મન ...!! સારા વિચાર બીજ.. સારૂં પરીણામ આપશે, જયારે નિરાશા જનક વિચારોની રોપણી કરશો તો જીવનમાં દુઃખ અને નીરાશા જ મળશે. અર્ધજાગૃત મન મજાકની ભાષા સમજતુ ન હોવાથી ભુલચુકે પણ નેગેટીવ કે ખરાબ વિચારો ન કરશો ...!! 'હમ દિલ દે ચુકે સનમ' માં ઐશ્વર્યારાય પોતાના પ્રેમીને મજાકમાં જ કહે છે કે, 'તુ જો તો રહી જઈશ અને બીજો કોઈ મને લઈ જશે...!! પરીણામ ... અજય દેવગણની એન્ટ્રી... અને છેલ્લે સુધી ત્રણેયની તડપન ...!! અલબત આપણો આ લેખ વાંચ્યો હોત તો પરીણામ અલગ હોત... ખૈર....!! વધુ આવતાં અંકે...!!

અને... છેલ્લે...!!

નાખી નજર ન પહુંચે એટલી જબરદસ્ત સખ્યામાં ઉપસ્થીત ભકતજનોની ભીડ વચ્ચે ભેદભાવ પ્રિય પપ્પુમહારાજે મંગુ ને ભોઠો પાડવા ગુરૂદક્ષીણા માંગી કે 'સંસ્કૃતમાં તો તને બહુ સાંભળયો, આજે અંગ્રેજીમાં કઈક 'અદ્‌ભુત' સંભળાવ ...!!

હા હા.. હી હીની હાસ્યછોળો વચ્ચે હચમચી ગયેલા મંગુએ પરમાત્માને પ્રાણ પોકાર કર્યો કે.... હે જગદગુરૂ .... ભરી સભામાં.... ભકતોની લાજ રાખનાર હે ચક્રધર .... આજે કળીકાળમાં મારી આબરૂનાં ધજાગરા કોઈ અલેલટપ્પુ નહી પણ ખુદ ધ.. ધુ... પપ્પુ જ ઉડાવી રહયા છે, મારી રક્ષા કરો.... ચંગુને આલ્શેશીયન અંગ્રેજી (આવડે એટલુ અંગ્રેજી અને બાકીનું ગુજરાતી) પ્રદાન કરનાર.... હે પિતામહ... મને આપટુડેટ અંગ્રેજીનું દાન કરો ...!! અને મંગુની અર્ધજાગૃત મનની શકિત ઉજાગર થતા અબિલ-ગુલાલ અને શંખ ધ્વનિ વચ્ચે ગરૂડ ધ્વજ મંગલમ ભગવાન શ્રી કૃષ્ણ પ્રગટ થયા અને સુદર્શનને મંગુના સાતેય ચક્રોનું ભેદન કરીને કુંડલીની જાગૃત કરવા કહયું... પગના નખથી લઈને માંથાની ચોટલી મગન ગુલ્ફીની સળીની જેમ ટાઈટ થઈ અને સાસણના સિંહની જેમ ગર્જના કરતાં મંગુએ ત્રાડ પાડી કે.... વેઈટ... વેઈટ... વેઈટ... યુ.. સી..ધ.. હોલ.. કન્ટ્રી.. ઓફ ધ સીસ્ટમ ઈઝ જસ્ટ અપોઝીશન.. બાય.. ધ હિમોગ્લોબીન ઈન ધ એટમોસ્ફીયર.. બીકોઝ યુ.. આર.. સોફીસ્ટીકેટેડ બાય ધ ટોલરન્સ ઈન્ટોક્ષીકેટેડ બાય ધ એકઝયુમરેન્સ ફોર ધ ઓન્વ ઓફ યોર પ્રોપર્ટી. ...!! માય નેમ ઈઝ મંગુ ગૌસ્વામી ...!!

'વ્હોટ' ...!! કહીને ઢળી પડેલા ધધુપપ્પુની તરફ કટાક્ષ દ્રષ્ટી કરતા નટખટ નંદકિશોરે સુદર્શન (ચુર્ણ) ને આદેશ કર્યો કે એમની કીડની જાગૃત કરો ...!! અને દિવાળીના ફટાકડા ફુટે એમ પપ્પુમહારાજ ના પેટમાં ગડબડ ગોટા અને ઉલ્ટી.. ઝાડા ...!! અંતરનો મેલ દુર કરવા ચોકકસ સ્થળની શોધખોળ માટે ચાર પગે દોડા-દોડી કરી રહેલ પંપ્પુમહારાજના ગુરૂપૂર્ણિમા નિમિતે પગ પકડવા પડાપડી કરી રહેલ ભકતજનોની પકડમદાવ વચ્ચે... (આગે ગુરૂ પીછે ચેલા...) ચંગુએ આલ્શેશીયન અંગ્રેજીમાં સભા સમાપ્તી ની જાહેરાત કરી કે... 'ડીયર બ્રધર્સ એન્ડ સીસ્ટર્સ' વી હિયર વીથ ફિનીસ અવર પ્રોગ્રામ બીકોઝ ગુરૂજી ઈઝ વોમીટીંગ ફ્રોમ બોથ સાઈડઝ ...!!'



(વાર્તા સાર :- ભગવાન શ્રી કૃષ્ણ સ્વરૂપ સદગુરૂ સ્વર્ગની પેલેપાર લઈ જાય છે અને પપ્પુ મહારાજ જેવા ઘંટ ગુરૂ નરકને દ્વાર લઈ જાય છે.)

**BANDISH DESAI, (M) 9879745122**

**www.bandishdesai.com**

(વડોદરા સ્થીત એન્જીનીયરીંગ કંપનીમાં માર્કેટીંગ મેનેજર એવા શ્રી બંદિશ દેસાઈ, ડો. જીતેન્દ્ર અઢીયા ના માઈન્ડ પાવર ટ્રેઈનર છે.)

**સતત ૨૧ દિવસના મંત્રજાપ મનમાં સ્થાયી થાય છે અને જે અર્ધજાગૃત મનને સક્રીય કરે છે.**

## પ્રતિભાનો પરમમાં પ્રસાર

પ્રતિભા શંભુપ્રસાદ બૂચના નામથી 'બરછી'ના વાંચકો સુપરિચીત છે. મુંબઈને વર્ષો સુધી કર્મભૂમિ બનાવી સ્થાયી થયેલા સ્વ. દુર્ગાબેન તથા શંભુપ્રસાદ બૂચ(સ્વ. શાંતિભાઈ મ. ધોળકિયાના બેન- બનેવી)નાં સંતાનો પૈકીના એક પ્રતિભા શંભુપ્રસાદ બૂચ.જેઓ ગત માસમાં રાજકોટ ખાતે અચાનક ફાની દુનિયા છોડી ગયાં.

શાળાનું પગથીયું ચડયા વિના અંગ્રેજી–ગુજરાતી લેખન, પત્રકારત્વ કે ચિત્રકલા જેવાં ક્ષેત્રમાં પ્રાવિણ્ય મેળવી શકાય તે આજે કલ્પનાતીત બાબત લાગે...પરંતુ પ્રતિભા બૂચ અને બધાજ ભાઇઓ બહેનોએ સાબીત કરી બતાવ્યું કે લેખન–વાંચન અને કલા માટે તો શાળા જરૂરી નથીજ. પ્રતિભાબેનને બાળપણથી જ ચિત્રકલા અને વાંચનનો ગજબનો શોખ તેથી નાનપણમાં દિલ્હીના શંકર્સ વિકલીનાં ચિલ્ડ્રન આર્ટ કોમ્પીટીશનમાં ઘણી વખત પારિતોષીકો મેળવેલ. આ ઉપરાંત લંડનની રોયલ ડ્રોઈંગ સોસાયટીની ચિત્ર હરિફાઈ, હિન્દુસ્તાન ટાઈમ્સની કાર્ટૂન કેરીકેચર સ્પર્ધાઓમાં પણ પારિતોષીકો મેળવેલ તો દિલ્હીમાં ટ્રેડફેર ઓથોરીટી દ્વારા યોજાયેલ કાર્ટૂન પ્રદર્શનમાં પુરસ્કાર મેળવેલ. 'મુંબઈ સમાચાર'ના એ વખતના તંત્રીશ્રી જેહાન દારૂવાલાએ તો તેમને એક માત્ર મહિલા કાર્ટૂનિસ્ટનું બિરૂદ આપ્યું હતું.પ્રતિભાબેનને મુંબઈની પ્રોડકટીવીટી કાઉન્સીલ તરફથી બોધદાયક હિન્દી ટૂંકી વાર્તા બદલ પારિતોષીક એનાયત થયેલ. તેઓએ ઓલ ઈન્ડીયા રેડિયો મુંબઈ માટે બાળકોના કાર્યક્રમોનું સંચાલન પણ કરેલ. વાંચન ઉપરાંત દરેક વિષયમાં રસ રૂચિ હોવાથી સામાન્યજ્ઞાન અદ્‌ભૂત તેથી જુદા જુદા અનેક સામાયિકો, અખબારોમાં નિયમિત લેખો, પઝલ, ક્રોસવર્ડ પ્રગટ થતાં.'જન્મભૂમિ પ્રવાસી'માં ૧૯૯૧થી ૨૦૦૩ વચ્ચે જુદા જુદા વિષયના પઝલ પ્રસિધ્ધ થતાં રહેલ. બે વર્ષથી રાજકોટ સ્થાયી થયા બાદ 'બરછી'એ અને તેના વાંચકોએ પણ પ્રતિભાબેન રચિત કવીઝ,પઝલ, ઈતર વાંચન વૈવિધ્યનો લાભ મેળવેલ અને અખૂટ સાહિત્ય ભંડારમાંથી ભવિષ્યમાં પણ તેઓને અંજલિ રૂપે આ લાભ મેળવતા રહેશે.

મુ. શંભુપ્રસાદભાઈ એક અચ્છા ચિત્રકાર રહેલ.જેઓના તૈલચિત્રો આજે પણ રાજકોટની રાજકુમાર કોલેજમાં જોવા મળે છે. તેઓના વડીલબંધુ સ્વ. હરીશ બૂચ,સ્વ. લલીત બૂચ તથા હયાત શ્રી વિપીન બૂચ ફ્રીલાન્સ પત્રકાર, સ્વ. રમેશ બૂચ કાર્ટૂનિસ્ટ. આવા સાહિત્ય અને કલાના ઉજ્જવળ કૌટુંબિક વારસાને દીપાવી જનાર પ્રતિભાબેનને બરછી પરિવારના શ્રધ્ધાસુમન.

## સિનિયર સીટીઝન રમતવીર રમેશભાઈ ઝાલા

પોરબંદરના ૮૧ વર્ષના જૈફ યુવાન મુ. રમેશભાઈ ઝાલાના નામથી અને નામનાથી ભાગ્યેજ જ્ઞાતિજનો અજ્ઞાત હશે. 'ગતિ એજ જીવન'ના મંત્રને ચરિતાર્થ કરનાર શ્રી રમેશભાઈ ઝાલાએ સિનિયર સીટીઝન્સ માટે યોજાતી અનેક સ્પર્ધાઓમાં અવ્વલ સ્થાન પ્રાપ્ત કરી આજના યુવાનોને પ્રેરણા અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે.

તાજેતરમાં જૂનાગઢ ખાતે યોજાયેલી ૩૦મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટીક ચેમ્પિયનશીપમાં દોડમાં પણ પ્રથમ સ્થાન સાથે ગોલ્ડમેડલ તથા ચક્રફેંકમાં દ્વિતીય વિજેતા થઈ સિલ્વર મેડલ મેળવ્યો. તેઓ હવે ચંદીગઢ ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રમેશભાઈએ સતત ત્રણ વર્ષ સુધી રાજ્યકક્ષાએ નંબર મેળવવાની હેટ્રીક નોંધાવી છે. અભિવંદન !

લક્ષ્મી રહીને જેટલું નથી શીખવાડતી એટલું જઈને શીખવાડે છે.

## શ્રી નીતિન મહેતાના કાવ્યસંગ્રહ-'કોડિયામાં સૂરજદેવ ઊગ્યા'નું લોકાર્પણ

ભાવનગરના મોટાં ગજાંના નાગર કવિ શ્રી નીતિન મહેતા (સ્વ. શ્રી વિનાયકરાય ચુનીલાલ મહેતા તથા સ્વ. સુલોચનાબેનના પુત્ર)એ પોતાના દ્વિતીય કાવ્ય સંગ્રહ 'કોડિયામાં સૂરજદેવ ઊગ્યા'નું તા. ૨૧ નવેમ્બરના રોજ મુંબઈ ખાતેના સોરાબજી બેંકર્સ હોલ ખાતે ખ્યાતિપ્રાપ્ત મહાનુભાવો, સ્નેહીજનો, કુટુંબીજનોની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું. આ પ્રસંગે સુપ્રસિધ્ધ તત્વચિંતક શ્રી હરિભાઈ કોઠારી આશીર્વચન આપવા ઉપસ્થિત રહયા હતા. કવિશ્રી સુરેન ઠાકર 'મેહૂલ'એ લોકાર્પણ કરેલ. પ્રાસંગિક પ્રવચન શ્રી દિપક મહેતાએ તથા સ્વાગત શ્રી જયંત મહેતાએ કરેલ.

આ પ્રસંગે શ્રી નીતિન મહેતા લિખિત પ્રથમ કાવ્યસંગ્રહ 'પગલાંમાં ઊતર્યું આકાશ'માંથી સ્વરબધ્ધ કરાયેલ કવિતાની સીડીનું વિમોચન પ્રસિધ્ધ ગાયક,સંગીતકાર શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાયે કર્યું હતું. ત્યારબાદ કવિના ગીતોની સ્વરબધ્ધ કરાયેલ રચનાઓ સર્વશ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય, ભવદીપ જયપુરવાલે, શેખર સેન,શ્રીમતી પ્રિથા મજમુદાર તથા શ્રીમતી ભકિત આસાનીએ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી સંજય પંડયાએ કર્યું હતું.

અંતમાં કવિશ્રી નીતિન મહેતાએ મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમીની પુસ્તક પ્રકાશન અનુદાન યોજનાથી આ ગ્રંથ પ્રકાશિત કરી શકાયેલ છે તેમ જણાવી અકાદમી તથા ઉપસ્થિત આમંત્રિતો, કલાકારો, સહયોગીઓનો આભાર વ્યકત કર્યો હતો.

## એકસેલ એકસપ્રેશનમાં પ્રતિક અંતાણીની બેવડી સફળતા



ભાવનગર શહેરની જાણીતી સંસ્થા એકસેલ ક્રોપ કેર દ્વારા સંપન્ન થયેલ ભાવનગર જીલ્લા કક્ષાના એકસલ એકસપ્રેશન ઉત્સવ દરમ્યાન આયોજીત વકૃત્વ સ્પર્ધા અને સમાચાર વાંચન સ્પર્ધામાં અત્રેના પ્રતિક જયેશભાઇ અંતાણીએ શાળા કોલેજ કક્ષાના લગભગ ૧૨૭૫થી વધુ સ્પર્ધકો વચ્ચે ચિ. પ્રતિકે 'ધરતી માતાનું જતન' વિષય ઉપર પ્રભાવશાળી વકતવ્ય આપવા ઉપરાંત આબેહૂબ ટીવી ચેનલ જેવા જ સમાચાર વાંચન દ્વારા સતત બીજા વર્ષે પ્રથમ નંબર પ્રાપ્ત કરીને બેવડી સફળતા પ્રાપ્ત કરી છે. જે બદલ યશવંતરાય નાટયગૃહ ખાતે યોજાયેલ વિનર્સ શોમાં પદાધિકારીઓ દ્વારા સ્મૃતિચિન્હ તથા પ્રમાણપત્ર આપી તેમની કળાને બિરદાવેલ. સમારંભમાં ઉપસ્થિત દર્શકો વચ્ચે પ્રતિક અંતાણીએ સમાચાર વાંચન કરી તેમની કલાનો પરિચય આપતાં સ્થાનિક ન્યુઝ ચેનલના સંચાલકોએ તેમની ન્યુઝચેનલમાં જોડાવા આમંત્રણ પાઠવેલ. જ્ઞાતિના નવોદિત સમાચાર વાચકને અભિનંદન સહ શુભકામના.

## સ્વર્ણિમ મહાકુંભ રમતોત્સવમાં કુ. કિંજલ ઝાલાએ ગોલ્ડમેડલ મેળવ્યો.



તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા સ્વર્ણિમ મહાકુંભ સબબ રાજ્ય કક્ષાની રમતગમત સ્પર્ધાઓનું આયોજન થઈ ગયું. જેમાં માનસિક ક્ષતિવાળાં કુલ ૪૮ બાળકોમાં જૂનાગઢ ના પ્રવિણભાઈ અને ભારતીબેન ઝાલાની પૌત્રી તથા હેમેન્દ્રભાઈ અને ભારતીબેન છાયાની દોહિત્રી કુ. કિંજલ જીતેન્દ્ર-દિપ્તી ઝાલાએ 'બોસી ગેમ્સ'માં પ્રથમ સ્થાન હાંસલ કરી રમતગમત મંત્રીશ્રીના હસ્તે ગોલ્ડ મેડલ તથા રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરી કુટુંબને ગૌરવ પ્રદાન કરેલ છે. કુ. કિંજલ તા. ૨/૧ થી ૬/૧ દરમ્યાન મહેસાણા ખાતે યોજાનાર સ્પેશ્યલ ઓલિમ્પીક માં ભાગ લેવા મહેસાણા જશે. અભિનંદન સહ શુભકામના.

સદ્‌ગ્રંથનું સેવન પણ એક પ્રકારનો સત્સંગ જ ગણાય.

## ડો. મયંક વોરા લિખીત પુસ્તક 'આયુર્વેદને ઓળખીએ'

તાજેતરમાં વડોદરાના ડો. મયંક વોરા લિખિત આયુર્વેદનું માહિતી સભર પુસ્તક 'આયુર્વેદને ઓળખીએ' નવનીત પ્રકાશન અમદાવાદ દ્વારા પ્રકાશિત થયું. જેનું મૂલ્ય : રૂા. ૬૦/– છે. આ પુસ્તકમાં બેઠાડુ જીવન, શારિરીક શ્રમનો અભાવ, વ્યસન, અપૂરતી નિદ્રા જેવા કારણે થતી માનસિક તાણને કારણે થતા હૃદયરોગ, સ્થૂળતા, મધુપ્રમેહ, સ્ટ્રોક, જેવા રોગોના આયુર્વેદીક ઉપચારો ઉપરાંત આયુર્વેદના સિધ્ધાંતો વાત્ત, પિત્ત, કફ, મલ, ચેનલ્સ તથા પ્રકૃતિનું વિસ્તૃત વર્ણન આપેલ છે. તદ્ઉપરાંત આ પુસ્તકમાં આહાર, ઔષધો તેમજ સદા યુવાન રહેવા રસાયણ થેરાપી, શરીરના શુધ્ધિકરણ માટે પ્રચલિત પંચકર્મ પધ્ધતિઓનું વર્ણન તેના લાભાલાભ,કેન્દ્રો વગેરેની માહિતી આપવામાં આવી છે.

## શ્રીમતી મનિષા હાથી લિખીત – 'મોમ્સ રેસિપીઝ'

વડોદરા સ્થિત શ્રીમતી મનીષા એ. હાથી દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલ વાનગીનું પુસ્તક 'મોમ્સ રેસિપીઝ'અવલોકન માટે મળ્યું. આ પુસ્તકમાં કોલેજ કન્યાથી માંડી નોકરી કરતાં બહેનો માટે ઝટપટ બનતી ઉપયોગી વિવિધ ૧૨૨ વાનગીઓ સમાવિષ્ટ છે. જેમાં કુછ મીઠા, શામકી તીખી મસ્તી, ફયુઝન કડાઈ, ઈન્ડીયન ડીપ, ફન ટાઇમ તથા માઈક્રોવેવ વાનગી જેવા વિભાગો આપેલા છે. તેઓએ પોતાની રીતે વાનગીઓમાં ફેરફાર કરી બનાવી આ પુસ્તકમાં લીધેલ છે. જેની કિંમત રૂા. ૧૫૦/– રાખવામાં આવી છે. જ્ઞાતિજનોને વળતર આપવામાં આવશે. આર્ટ પેપર અને મલ્ટીકલર પ્રિન્ટીંગને કારણે પુસ્તક આકર્ષક બનેલ છે, જો કે આ કારણે કિંમત ઉંચી લાગે પરંતુ ઘરમાં રાંધવાનો અને વાનગી બનાવવાનો શોખ ધરાવતાં બહેનોને પસંદ પડશે અને ઉપયોગી પણ નીવડશે. મેળવવા સંપર્ક : મનીષાબેન હાથી–મો. ૯૫૮૬૮૬૯૩૫૫

## શ્રી સમસ્ત નાગર જ્ઞાતિ વિદ્યોતેજક મંડળ, જૂનાગઢ

અત્રે જીલ્લા રમતગમત અધિકારીશ્રીના ઉપક્રમે તા. ૨૩/૯ના રોજ 'બાળ પ્રતિભા શોધ' સ્પર્ધા યોજાય ગઈ. જેનું સંપૂર્ણ સંચાલન સુવ્યવસ્થિત રીતે સ. ના. વિ. મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રચેતાબેન વોરા તથા શ્રીમતી મોક્ષાબેન મહેતાની જહેમતથી કુલ ૨૦ સ્પર્ધા પૈકી ૧૦માં પ્રથમ અને પાંચમાં દ્વિતીય સ્થાન ઉપર સંસ્થાના બાળકો રહેલાં. આ પ્રવૃત્તિને પ્રોત્સાહીત કરવા શ્રી હાટકેશ ભ્રાતૃ મંડળ તરફથી પ્રતિ વર્ષ યોજાતા દીપાવલિ કાર્યક્રમમાં પ્રથમ દિન આ બાળકોના કાર્યક્રમ માટે ફાળ વેલ.જેમાં રાસ ગરબા, નાટકો, મોનો એકટીંગ તથા સમૂહગાન દ્વારા સુંદર મનોરંજન પૂરૂં પાડેલ. તા. ૧૯/૧૨ના રોજ સંસ્થાના કાર્યકારી પ્રમુખશ્રી મધુભાઈ વસાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ અનોખા સન્માન સમારંભમાં સંસ્થાના મંત્રીશ્રી મધુભાઈ કિકાણીએ સંસ્થાની પ્રવૃત્તિ અને સમારંભ અંગે વિસ્તૃત સમજણ આપેલ. જ્ઞાતિના બાળ કલાકારો તથા નિઃશુલ્ક શિક્ષણ આપતા સેવાભાવી શિક્ષકો સર્વશ્રી મધુભાઈ વસાવડા, અવિનાશભાઈ કિકાણી, કુ. પ્રચેતાબેન વોરા, સંગીતજ્ઞો સર્વશ્રી વિલાસભાઈ જોષીપુરા, કમલેશ જોશુપુરા, ચેતન વૈશ્નવ તથા માસ્ટર્સ એથ્લેટીકસમાં ચંદ્રકો મેળવી રાજ્ય કક્ષાએ પ્રતિનિધીત્વ કરતા આઠ રમતવીરોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુચારૂ સંચાલન શ્રી ભવજીતભાઈ બક્ષીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કલ્પિતભાઈ નાણાવટી, વિમલભાઈ વોરા તથા શ્રી મારૂતભાઈ જોષીપુરાએ જહેમત ઉઠાવી હતી.શ્રી નંદકિશોરભાઈ વૈશ્નવના સૌજન્યથી અભ્યાસના હેતુસર આ સંસ્થાના બાળકોને પ્લનેટોરીયમ તથા સાયન્સ મ્યુઝીયમ જોવાનો લાભ મળેલ.

જ્યાં વાદ હોય ત્યાં વિવેકની જરૂર પડે.

## શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ, અમદાવાદ

મંડળના ઉપક્રમે જ્ઞાતિના નૂતન વર્ષ સ્નેહમિલનનું તા. ૧૪-૧૧-૧૦ના રોજ ડી. કે. પટેલ હોલ પટાંગણ ખાતે આયોજન થઈ ગયું. પ્રતિવર્ષની માફક જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે પ્રેરણારૂપ સિદ્ધિપ્રાપ્ત તેજસ્વી વિદ્યાર્થીઓ કુ. દેવાંશી માંકડ, મિહીર છાયા, જ્યોત અંતાણી તથા કુ. આર્શવી પી. બુચનું વિશેષ અભિવાદન કરવામાં આવેલ.

ચાલુ વર્ષથી સ્વ. ચંદ્રકાન્તભાઈ બક્ષીના પરિવારજનો તરફથી મળેલ રકમના વ્યાજમાંથી જ્ઞાતિ ગૌરવ એવોર્ડ આપવાનું શરૂ કરવામાં આવ્યું. આ વર્ષનો આ અવોર્ડ મંડળના આજીવન સેવક વડીલ શ્રી અંબરીષભાઈ કિકાણીને એનાયત કરવામાં આવેલ. આ ઉપરાંત આર્થિક રીતે નબળા પરિવારના બાળકોને શિક્ષણ આપી રહેલ શ્રી દીપકભાઈ તથા મંજરીબેન બુચનું પણ સન્માન કરવામાં આવેલ. શ્રી મહેશભાઈ વસાવડાએ આ બંને સન્માનિતોનો પરિચય આપ્યો હતો.

દીપાવલિ પૂર્વે મંડળ તરફથી યોજાયેલ વિવિધ હરિફાઈઓના વિજેતાઓને ઈનામ વિતરણ બાદ શૈક્ષણિક ક્ષેત્રે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર કુલ ૧૧૦ ટ્રસ્ટમાંથી પારિતોષીકો આપવામાં આવેલ. સ્નેહમિલન પ્રસંગે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૨ બહેનોએ પોતાની કલાનો પરિચય આપી સુંદર રગોળીથી પ્રસંગને પણ દીપાવેલ. સમારંભમાં ઉપસ્થિત રહેલ નવનિર્વાચીત મેયરશ્રી આસિતભાઈ વોરાનું અભિવાદન શ્રી પરેશભાઈ અવાશીયાએ કર્યું હતું. અમદાવાદની પાસપોર્ટ ઓફીસના અધિકારીશ્રી મયુરભાઈ અંતાણી આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલ. પાસપોર્ટ ઓફીસને અદ્યતન કરવામાં અને કસ્ટમર ફ્રેન્ડલી કરવામાં તેઓનું મહાયોગદાન રહેલ છે, આવા શ્રી મયુરભાઈનો પરિચય શ્રી પદમીનભાઈ બુચે કરાવેલ.સ્વાગત પ્રવચન પ્રમુખશ્રી નીલકંઠભાઈએ કરેલ. મંત્રીશ્રી ડો. જયંતભાઈ વસાવડાએ મંડળની વિવિધ પ્રવૃત્તિઓની ઝલક આપી સર્વે જ્ઞાતિજનોને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન કુ. નિલીમા વૈશ્નવ તથા આરતિ વસાવડાએ કરેલ.

કાર્યક્રમના અંતે ૮૫૦ ઉપરાંતની સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ સમૂહભોજનમાં પરસ્પર મળ વા હળવાના આનંદ સાથે શીખંડ પુરીનો આસ્વાદ માણ્યો હતો.

તા. ૨૮/૧૧ના રોજ અત્રેના ઠાકોરભાઈ દેસાઈ હોલમાં 'સંબંધ સાત જનમના' નાટકના શોનું મંડળના સભ્યો માટે માત્ર રૂા. ૩૦/માં આયોજન કરવામાં આવેલ.

મંડળ તરફથી કૌટુંબિક માહિતી આપતી ડીરેકટરી પ્રસિધ્ધ થનાર છે. જેના ફોર્મ સભ્યોને મોકલી આપવામાં આવેલ છે. અમદાવાદમાં રહેતા અન્ય જ્ઞાતિજનોના નામ આ ડીરેકટરીમાં આપવા માટે શ્રી અમિતભાઈ દેસાઈનો ફોન નં. ૨૫૪૬૬૨૩૩નો સંપર્ક કરવો.

## ચિ. મુકતક જોષીપુરા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પરીક્ષામાં ઝળકયા



બેંગલોર સ્થિત ભૂષિત પ્રદ્યુમ્ન જોષીપુરાના ૧૦ વર્ષીય પુત્ર મુકતક ભૂષિત જોષીપુરા ૨૦૦૯-૧૦ દરમ્યાન રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પરીક્ષાઓમાં આઉટસ્ટેન્ડીગ પરફોર્મન્સ તથા શાળામાં પ્રથમ સ્થાન બદલ રૂા. ૬૦૦૦/સુધીના રોકડ પુરસ્કારો અને સર્ટીફીકેટ મેળવ્યાં. આ પરીક્ષાઓમાં ASSET રાષ્ટ્રીય કક્ષાએ ૨૭મો ક્રમાંક, નેશનલ સાયબર ઓલિમ્પીયાડમાં ૬૪મો ક્રમાંક, ઈન્ટરનેશનલ મેથેમેટીકસ ઓલિમ્પીયાડમાં ૪૨૫મો ક્રમાંક, NSOમાં ૫મો, નેશનલ સાયન્સ સર્ચ એકઝામમાં ૨૧મો, તેમજ IAIS, GKનો સમાવેશ થાય છે.

અસત્ય વિજયી નિવડે તો પણ તે વિજય અલ્પજીવી હોય છે.

## બી.કોમ.માં બીજું સ્થાન મેળવતાં કુ. કૃણાલી બુચ



તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ટી.વાય.બી.કોમ.ની પરીક્ષામાં રાજકોટનાં કુ. કૃણાલી નરેશભાઈ બુચ શ્રીમતી આર. આર. પટેલ કન્યા કોલેજ માંથી બીજું સ્થાન મેળવી ઉત્તીર્ણ થયાં. જે બદલ કોલેજ તરફથી શીલ્ડ, રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ. તેણી એસ. વાય. બી.કોમમાં પણ આ ક્રમાંક સાથે સફળતા મેળવેલ. બંને વર્ષમાં ઉચ્ચ ક્રમાંક સાથે સફળતા મેળવી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ વધારેલ છે. હાલ એમ.કોમ.માં અભ્યાસ કરતાં કુ. કૃણાલી સ્વ. નિતીરાય મગનલાલ બુચ તથા સ્વ. ઈન્દ્રબાળાબેન નિતીરાય બુચનાં પૌત્રી થાય.

## પ્રથમ વર્ષ બી.પીટી.માં પ્રથમ સ્થાને કુ વિશ્વા માંકડ



રાજકોટનાં શ્રીમતી નીતા અને શ્રી મયુર માંકડનાં પુત્રી કુ. વિશ્વા માંકડ ઓગષ્ટ-૨૦૧૦માં લેવાયેલ પ્રથમ વર્ષ ફિઝીયોથેરાપીની પરીક્ષામાં સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. કુ. વિશ્વા જામનગરના સ્વ. કીર્તિકુમાર પુંડરીકરાય અને પ્રવિણાબેન માંકડનાં પૌત્રી અને અમદાવાદના શ્રી વિહારીભાઈ શાંતીલાલ બુચ અને સ્વ. માલવિકાબેનનાં દોહિત્રી થાય.

## શ્રીમતી જલ્પા ધોળકિયા પી.એચડી. થયાં



શ્રીમતી જલ્પા ચિન્મય ધોળકિયા (રાજકોટ નિવાસી રોહિતભાઈ પી. ધોળકિયાનાં પુત્રવધૂ અને પાટણના પ્રસન્નભાઇ એસ. મજમુદારનાં પુત્રી)એ એમ.એસ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સના ફેમિલી રીસોર્સ મેનેજમેન્ટ વિભાગના પ્રો. મનીષાબેન શુક્લના માર્ગદર્શન હેઠળ Organic food an assessment of food quality and satisfaction of consumers as compared to conventional food વિષય ઉપર મહાનિબંધ લખી પી.એચડીની પદવી મેળવી. આ સંશોધનમાં તેમણે સજીવ (Organic) ખેતી કરતા ખેડૂતો, સજીવ ખેતીની વસ્તુઓ વેંચતા દુકાનદારો, ગ્રાહકોના મંતવ્યો લઈ અનુભવેલી મુશ્કેલીઓ તથા અનુભવો જેવાં પરિબળોનો વિસ્તૃત અભ્યાસ કરી સજીવ ખેતીની વસ્તુઓનું પરીક્ષણ પણ કરાવેલ. જેનાં એવાં પરિણામ મળ્યાં કે ઓર્ગેનીક વસ્તુઓ લાંબો સમય તાજી રહે છે, સ્વાદ સુગંધ તથા સ્વાસ્થ્ય માટે વધુ સારી અને લાભકારક છે. આ માટે લોકોએ સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે ઓર્ગેનીક વસ્તુઓનો વપરાશ વધારવો જોઈએ તથા સમાજમાં જાગૃતતા લાવવા શૈક્ષણિક સંસ્થાઓએ કામ કરવું જોઇએ. (જનસમુદાયને લાભપ્રદ સંશોધન બદલ અભિનંદન આપીએ પરંતુ ભ્રષ્ટ તંત્રમાં ઉપયોગી થાય તેવી શુભકામના પાઠવવી નિરર્થક છે !)

## સેવામૂર્તિ ડો. ડોલરરાય માંકડનો દેહવિલય



જૂનાગઢના આજીવન સેવાના ભેખધારી ડો. ડોલરરાય માધવલાલ વસાવડાનું ૯૮ વર્ષની વયે તાજેતરમાં દેહાવસાન થયું. સને ૧૯૩૫માં મુંબઈ યુનિ.માંથી ગોલ્ડમેડલ મેળવી આંખના સર્જન થયા અને ભરૂચ હોસ્પિટલમાં કારકિર્દીની શરૂઆત કરી. ત્યારબાદ ભરૂચની રૂંગટા હોસ્પિટલમાં ચીફ આઇ સર્જન તરીકે જોડાયા અને માનદ્ ટ્રસ્ટી તરીકે પણ સેવાઓ આપી. તેઓના યશસ્વી કાર્યકાળ દરમ્યાન ૩૩ હજાર મોતીયાના સફળ ઓપરેશન કરી દ્રષ્ટિદાતા બન્યા, તો અનેક સંસ્થાઓના ૨૨૫ આઇ કેમ્પ કરી માન સન્માન મેળવ્યાં. અ.ભા.ના.પરિષદ તરફથી ઇ.સ.૨૦૦૮માં 'નાગર રત્ન'ના એવોર્ડથી સન્માનવામાં આવ્યા.તેઓના અનુદાનથી જૂનાગઢ હાટકેશ હોસ્પિટલમાં આંખનો વિભાગ શરૂ કરવામાં આવ્યો. આ ઉપરાંત ભરૂચ તથા જૂનાગઢની અનેક સંસ્થાઓમાં લાખો રૂપિયાના અનુદાન આપી શ્રેષ્ઠી બન્યા. આવા મહામાનવની વિદાયથી હાટકેશજગત રાંક બન્યું છે.

લોભને કદી અલ્પવિરામ કે પૂર્ણવિરામ હોતું નથી.

## ૮૬ વર્ષના કર્મઠ વડીલ બંધુ નરેન્દ્રભાઈ છાયાની ચિરવિદાય–શ્રધ્ધાંજલિ

રાજકોટ સ્થિત શ્રી નાનાભાઈ છાયાના મોટા પુત્ર તે તનિમા, હર્ષિદા તથા સ્વ. મૃગેશના પિતા નિરવ, ગૌરવના દાદાજી અને અમે બધા ભાઈઓ–બહેનોના 'નેરભાઈ' એટલે નરેન્દ્રભાઈ છાયા. ૧૭ વર્ષની ઉંમરથી મીલમાં નોકરીએ જોડાય ગયા. અમદાવાદ, મુંબઈ, સોલાપુર, હૈદ્રાબાદ, ઈન્દોર, ઉજ્જૈન, ભરૂચની મીલોમાં કાર્યરત રહયા.સંઘર્ષપૂર્ણ શરૂઆતથી સફળતાના શિખર પર પણ રહયા. ૬૫ વર્ષની ફરજ બાદ નિવૃત્ત થઈ મોરબી, સુંદરીભવાની તેમજ બીલખામાં પણ કાર્યરત રહયા. ત્યારબાદ ડો. પુંડરીકભાઈ દેસાઈએ પોતાના દવાખાનામાં રાખી લીધા અને જીવનના અંતિમ દિવસો સુધી ૮૬ વર્ષની વયે ગોંડલથી રાજકોટ અપડાઉન કરી ડો. પિયુષ દેસાઈના દવાખાનામાં ૧લી ડીસેમ્બર સધુી કાર્યરત રહી ટૂંકી બિમારી બાદ તા. ૧૪/૧૦/૧૦ના રોજ પોતાની કર્મભૂમિ રાજકોટ ખાતે અંતિમ શ્વાસ લીધા.ડો. પિયુષ દેસાઈએ મામાને પોતાના નિવાસસ્થાનેથી અંતિમ વિદાય આપી.

કલમ – ૮૬ વર્ષની વયે અપડાઉન કરી ફરજ બજાવી. કડછી – રસોઈ તથા મીઠાઈ બનાવવામાં માહેર...બરછી – અમદાવાદમાં ૧૯૪૭–૪૮ના કોમી રમખાણોમાં એમ્બ્યુલન્સ ચલાવી પોતાના જીવના જોખમે ઘણાના જીવ બચાવ્યા. જેમાં એક નાગર ગૃહસ્થ પણ હતા.આમ, કલમ કડછી બરછી ત્રણેને જીવનમાં ઉતારનાર અમારા પ્રેરણાસ્ત્રોત કર્મઠ વડીલબંધુને અમારી શ્રધ્ધાપૂર્વકની સ્મરણાંજલિ.

ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના સાથે...

**તેમની પુત્રી સમાન નાની બહેન**
**દક્ષા વસાવડા – રીવા (મ.પ્ર.)**

## અનંતના યાત્રીઓ :

◎ શ્રીમતી યોગિનીબેન ભાસ્કરરાય વોરાનું ભાવનગર ખાતે. દિવ્યકાંત કુમારકાંત મહેતાનું ૭૫ વર્ષની વયે ભાવનગર ખાતે. ◎ ડો. ડોલરરાય માધવલાલ વસાવડાનું જૂનાગઢ ખાતે. ◎ કુ. રેખા હર્ષદરાય વસાવડાનું ૬૦ વર્ષની વયે જૂનાગઢ ખાતે. ◎ શ્રીમતી પન્નાબેન રજનીકાન્ત મજમુદારનું જૂનાગઢ ખાતે. ◎ શ્રીમતી ધનસુતાબેન હર્ષવંતરાય જોષીપુરાનું ૮૦ વર્ષની વયે જૂનાગઢ ખાતે. ◎ નીલા વાય. બુચનું જૂનાગઢ ખાતે. ◎ નરેન્દ્રભાઈ ઉમેદલાલ ધોડાનું ૮૬ વર્ષની વયે જૂનાગઢ ખાતે. ◎ પ્રવિણબાળાબેન કે. વૈશ્નવનું જૂનાગઢ ખાતે. ◎ ઈન્દીરાબેન ભાલચંદ્રભાઈ બુચનું જૂનાગઢ ખાતે. ◎ વિદ્યાશંકર બાલકૃષ્ણભાઈ બક્ષીનું રાજકોટ ખાતે. ◎સાવિત્રીબેન ગીરીશભાઈ અવાશીયાનું માંગરોળ ખાતે. ◎ પ્રદ્યુમ્નભાઈ પ્રાણશંકર પોટાનું પોરબંદર ખાતે. ◎નરેન્દ્રભાઈ ડોલરરાય માંકડનું ૮૮ વર્ષની વયે રાજકોટ ખાતે અવસાન. તેઓએ દેહદાન કર્યું. ◎ શ્રીમતી વર્ષાબેન (ભુવનેશ્વરી)જયંતભાઈ હાથીનું ૭૩ વર્ષની વયે પાલનપુર ખાતે. ◎ વિરેન્દ્રભાઈ ચમનલાલ બુચનું વડોદરા ખાતે.◎ગં. સ્વ.તરૂણા(નનુ)બેન જયસુખલાલ છાયાનું ૮૮ની વયે વડોદરા ખાતે. ◎ સુર્યકુમારી ભૂપેન્દ્રરાય વોરાનું ૯૨ની વયે ભુજ ખાતે. ◎ ધીરેન્દ્રભાઈ બેચરલાલ છાયાનું ૬૦ની વયે ભુજ ખાતે. ◎ રંજનબેન ધનસુખરામ પાઠકનું ૮૯ની વયે ભુજ ખાતે.◎ શ્રીમતી તિલોત્તમાબેન હર્ષદરાય વોરાનું ૮૯ની વયે વડોદરા ખાતે. ◎ વિમળાબેન કુંદનલાલ માંકડનું ૮૯ની વયે વડોદરા ખાતે.◎ પરાશરભાઇ વૈદ્યનું ૬૦ની વયે વલ્લભવિદ્યાનગર ખાતે. ◎ અતુલભાઈ મહેતાનું ૬૨ ની વયે મુંબઈ ખાતે. ◎ ડો. રોહીતભાઈ મહેતાનું ૯૦ની વયે મુંબઈ ખાતે. ◎ દેવેન્દ્રભાઈ કનકશંકર વોરા – ગં. સ્વ.હરબાળા(મધુ)બેન મંગળપ્રસાદ રીંડાણીનું ૯૦ વર્ષની વયે–માયાબેન હેમેન્દ્રભાઇ રીંડાણી–દિવ્યકાંત નટવરલાલ બુચ–મહેન્દ્રરાય વસંતરાય માંકડનું જામનગર ખાતે.

# ● સમાચાર સંચય ●

**મુંબઈ :** શ્રી વડનગરા નાગર મંડળની યાદી જણાવે છે કે સંસ્થાનો ૧૦૨મો વાર્ષિકોત્સવ તા. ૧૨-૨-૧૧નાં રોજ સાંજે ૫ વાગ્યે શ્રી નવિનભાઇ ઠક્કર હોલ શ્રધ્ધાનંદ માર્ગ વિલે પાર્લે (ઇ) ખાતે શ્રીમતી માધવીબેન બુચ (M.D.-CEO ICICI Bank Secu.)ના અધ્યક્ષસ્થાને યોજાશે. સમારંભમાં પ્રતિવર્ષ મુજબ વિશિષ્ટ પારિતોષીકો, સન્માન તેમજ દરેક વિદ્યાશાખાના તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષીકો એનાયત થશે. ઉપરાંત 'અલબેલી વસંતનો રંગભીનો ફાગણ' અંતર્ગત શ્રીમતી અર્ચિતાબેન મહેતાએ કોરીયોગ્રાફ કરેલ શાસ્ત્રીય ફિલ્મી ગીતો અને ફોક નૃત્ય ગીતોનો કાર્યક્રમ રજૂ થશે.સૌને પધારવા આમંત્રણ છે. પારિતોષીક મેળવનાર વિદ્યાર્થીઓને મંડળ દ્વારા જાણ કરવામાં આવશે. અરજી કરનાર દરેકને નમ્ર વિનંતી કે પૂછપરછ માટે મંડળનો(કે બરછીનો)સંપર્ક કરશો નહીં. શિષ્યવૃતી ટપાલ દ્વારા મોકલવામાં આવશે અથવા કાર્યક્રમ દરમ્યાન 'કાઉન્ટર' ઉપરથી મેળવી શકાશે.

શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કોરસ ગીતમાં શ્રીમતી તોરલ કેતન રીંડાણી-જાન્હવી બુચના ગ્રુપે દ્વિતીય સ્થાન મેળવ્યું. આ કાર્યક્રમ અંતર્ગતની વેશભૂષા સ્પર્ધામાં ચિ. સામર્થ્ય કેતન રીંડાણીએ તૃતીય સ્થાન મેળવ્યું.

**અમદાવાદ :** ભાવિન જગદીશભાઈ મંકોડી 'કોરીયન એર'માં ગુજરાત અને મધ્યપ્રદેશના સેલ્સમેનેજર તરીકે જોડાયા.

અત્રેના શ્રી મહેશચંદ્ર કે. હાથીના પૌત્ર કલ્પ ઋષીકેશ હાથી (ઉ. વ. ૭)એ હોર્સ રનીંગ કોમ્પીટીશન માં પ્રથમ વિજેતા બની ગોલ્ડમેડલ તથા પ્રમાણપત્ર હાંસલ કરી શાળા અને કુટુંબને ગૌરવ બક્ષેલ છે.

**જૂનાગઢ :** ૧૪ નવેમ્બરના રોજ સ્વ. જવાહરલાલ નહેરૂના જન્મદિનના અનુલક્ષીને શ્રી વિમલભાઈ વોરા, પ્રચેતાબેન વોરા અને મોક્ષાબેન મહેતાએ બાળકોની રેલીનું આયોજન કરી શ્લોક, બાળગીતો ગવરાવ્યાં અને બાલવાર્તા સંભળાવી ચા નાસ્તો કરાવી 'બાલદિન'ની ઊજવણી કરાવી.ત્યારબાદ ૪૦ જેટલાં બાળકોને સાયન્સ મ્યુઝીયમ, તારા મંડળ હિમાલય દર્શન, અમરનાથની ગુફાની મુલાકાત લેવરાવી આનંદ કરાવ્યો.

વલ્લભવિદ્યાનગર ખાતે બી.વી.એમ. ટેક.કોલેજમાં અધ્યાપક તરીકે નોકરી કરતા ફલેશ રામચંદ્રભાઈ વોરા અભ્યાસની ઉચ્ચ તાલિમાર્થે ચંદીગઢ જઈ આવ્યા.

શ્રીમતી જલધા ફલેશ વોરા ભોપાલ યુનિવર્સિટીમાંથી એમ.એડ.માં ૮૧% માર્કસ સાથે ઉત્તીર્ણ થયાં. જે નિમિત્તે રામચંદ્રભાઈના નિવાસસ્થાને સત્યનારાયણની કથા તથા પથુભાઈના ગરબાનું આયોજન કરી સૌનું અલ્પાહારથી સ્વાગત કરેલ.

જટાયુ હર્ષિતભાઈ બક્ષી બી.ઇ.(સીઇ) સેમે.-૭માં ૭૦% સાથે ઉત્તીર્ણ થયા.

**રાજકોટ :** અ.ભા.ના.પરિષદ દ્વારા યોજાયેલ ગરબા સ્પર્ધામાં 'દીપશીખા વૃંદે' પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. જેમાં શ્રીમતી ધારિણીબેન છાયા તથા શ્રીમતી નંદિતાબેન બક્ષીનાં નેતૃત્વ હેઠળ ધૃતિબેન ધોળકિયા, મીતાબેન વૈશ્નવે ગરબાની રમઝટ બોલાવી હતી.

અ.ભા.ના.પરિષદ દ્વારા યોજાયેલ ગરબા સ્પર્ધામાં 'આરાધના વૃંદે' બીજું સ્થાન પ્રાપ્ત કર્યું. આ વૃંદની બહેનોએ કોરસ, વાનગી તથા રંગોળી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

માણસ એની પ્રશંસા કરનારને વીસરી જશે, નિંદા કરનારને કદી નહિ.

❦ સંગીત નાટય અકાદમી દ્વારા લેવાયેલ કથ્થક નૃત્યની પરીક્ષામાં કુ. ઋતુ હિતેષ ધોળકિયાએ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયાં.

❦ યાત્રીક વિરલ વસાવડાએ જયપુર ખાતે રમાયેલ જુનિયર કેટેગરી (અન્ડર ૧૯)નેશનલ લેવલની બેડમિંટન ટુર્નામેન્ટ ડબલ્સમાં ગોલ્ડમેડલ મેળવ્યો.

❦ દ. ગુ. યુનિ.(સુરત)નાં વિદ્યાર્થીની શ્રીમતી હેતલબેન પટેલે 'પ્રદ્યુમ્ન જોષીપુરાનું હાસ્ય સાહિત્યઃ એક અભ્યાસ' વિષય પર અને સૌરાષ્ટ્ર યુનિ.ના વિદ્યાર્થી શ્રી ગૌરાંગ જાનીએ પણ 'પ્રદ્યુમ્ન જોષીપુરાના હાસ્ય નિબંધો : એક અભ્યાસ' પર લઘુ નિબંધ લખીને એમ. ફીલ.ની પદવી પ્રાપ્ત કરી. નાગર જ્ઞાતિમાં પારસી જેવીજ હાસ્યવૃત્તિ રહેલી છે તેનો આ સબળ પૂરાવો છે.

❦ શ્રીમતી આવૃત્તિબેન નાણાવટીએ રેલ્વે કર્મચારી મંડળ ગુજરાત રાજ્ય યુવક સાંસ્કૃતિક વિભાગ, રામકૃષ્ણ આશ્રમ, બાલભવન જેવી સંસ્થાઓમાં યોજાયેલી વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવા આપી. તદ્ઉપરાંત તેઓને જેતપુર પાસેના એક ગામના ૧૧૭ વર્ષના વયોવૃધ્ધાની રાજકોટ દૂરદર્શન માટે ઈન્ટરવ્યુ લીધો. જેનું પ્રસારણ ૧ ફેબ્રુઆરીના રોજ થશે.

❦ શ્રીમતી મમતા ઢેબરે તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિ.આયોજીત ઉત્તર અને દક્ષિણ ઝોનની પ્રાચીન રાસ, સમૂહનૃત્ય તથા રંગોળી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપી. તેઓ છેલ્લા ૨૦ વર્ષથી વિવિધ કલા સ્પર્ધાઓમાં તથા નવરાત્રિ મહોત્સવમાં પણ નિર્ણાયક તરીકે પોતાની સેવા આપી રહયાં છે.

❦ સૌરાષ્ટ્રના ભૂતપુર્વ રણજી ટ્રોફી ખેલાડી શ્રી શીરીષ બુચ સૌરાષ્ટ્રની અન્ડર-૧૯ કૂચબિહાર ટ્રોફીમાં મેનેજર તરીકે કાનપુર તથા દિલ્હી ટીમ સાથે જઈ આવ્યા. આ ઉપરાંત શ્રી બુચે સૌરાષ્ટ્રની વીમેન્સ અન્ડર-૧૯ તથા સિનિયર વુમન ટીમના મેનેજર તથા સીલેકટર તરીકે સેવા આપી પૂના તથા વડોદરા ટીમને લઈને જઈ આવ્યા.

❦ સ્વર્ણિમ ગુજરાત મહાકુંભ અંતર્ગત જીલ્લા કક્ષાની સંગીત સ્પર્ધામાં શ્રી દેવન વસાવડાએ નિર્ણાયક તરીકે સેવા આપી.

❦ અત્રેની એસએનકે સ્કૂલ દ્વારા ધો. ૬ને અનુરૂપ કર્ણપ્રિય કાવ્યોનો સંગ્રહ 'ગુંજારવ' સીડી સ્વરૂપે પ્રસિધ્ધ કરવામાં આવ્યો. જેમાં સ્વર અને સ્વરાંકન દેવેન વસાવડાએ આપ્યાં છે. પ્રાપ્તિસ્થાન : દેવન વસાવડા ૯૪૨૯૩૧૪૧૩૧

❦ અત્રેના તુલન ઉત્કલ વૈશ્નવ (ધો. ૬)એ વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ રાજ્ય કક્ષાની સામાન્ય જ્ઞાન (જીકે) સ્પર્ધામાં રાજ્યના કુલ ૫૯૬૨ સ્પર્ધક માંથી ૧૬૪મો ક્રમાંક તથા કેન્દ્રમાં ૧૧મું સ્થાન મેળવ્યું.

❦ અત્રેની કેન્દ્રીય વિદ્યાલય દ્વારા ઉજવાયેલ 'ગ્રાન્ડ પેરન્ટસ ડે' પ્રસંગે યોજાયેલ દાદી-નાની માટેની ગરબા સ્પર્ધામાં ચિ. ધૌમ્ય ચૈતન્યકુમાર અંજારીયાનાં દાદી સૌ. હર્ષાબેન સુરેન્દ્રરાય અંજારીયા(ઉ. વ. ૮૨)એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પારિતોષીક મેળવ્યું.

❦ **જામનગર :** માગસર સુદ સાતમને નરસિંહ મહેતા હારમાળા દિન નિમિત્તે નાગર મંડળ તથા હાટકેશ સંસ્કાર પરિવારના સંયુકત ઉપક્રમે નરસિંહ વંદનાનો કાર્યક્રમ યોજાય ગયો. જ્ઞાતિજનો હાટકેશ્વર મંદિરેથી ધૂન સાથે સત્યનારાયણ મંદિર પાસે મુકાયેલ નરસિંહ મહેતાની પ્રતિમા પાસે પહોંચી પૂજન,હારતોરા કરવામાં આવેલ. સાંજે નરસૈયાના ભજનોનું આયોજન કરવામાં આવ્યું હતું. મેથીના

ગોટા અને દૂધની પ્રસાદી બાદ કાર્યક્રમ સંપન્ન થયેલ. આ ઉપરાંત માગસર મહીના નિમિત્તે હાટકેશ્વર મંદિરમાં 'સુંદરકાંડ'ના પાઠનું આયોજન પણ કરાયેલ. બન્ને કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધો.

અત્રેના હાટકેશ મંદિરમાં તા. ૮/૧૧ના રોજ ગાયત્રી પંચકુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ.પૂ. સ્વામીશ્રી અધ્યાત્માનંદજીએ બીડું હોમવા સમયે ખાસ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવેલ.

તા. ૯/૧૧ના રોજ જા. વ. નાગર જ્ઞાતિના ઉપક્રમે શ્રી જગદીશ ત્રિવેદીનો હાસ્ય દરબાર કાર્યક્રમ યોજાય ગયો. જેનું અતિથિવિશેષ પદ એસ.પી. શ્રી સુભાષભાઈ ત્રિવેદીએ શોભાવેલ.

**મીઠાપુર :** જીજ્ઞેશ હર્ષવદન વસાવડાને અત્રેના ટાટા કેમીકલ્સ લી.માં ડેપ્યુટી મેનેજર તરીકે બઢતી મળી.

અત્રે બંગાળી એસો. તરફથી યોજાયેલ નવદુર્ગા મહોત્સવમાં ચિ. હાંસિલ જીજ્ઞેશ વસાવડા ફેન્સીડ્રેસ, ડાન્સ તેમજ 'આજના યુગમાં શિક્ષણનું મહત્વ' વિષય ઉપર અંગ્રેજીમાં વકતવ્ય (સ્પીચ) આપી પ્રથમ સ્થાન મેળવ્યું.

**ભાવનગર :** અત્રેના શ્રી ધુર્જટીરાય ઋષીરાય મહેતાના પુત્ર ધૈવતે માત્ર ૧૧ વર્ષની વયે રેકી પરીક્ષા ૧–૨ પાસ કરી. જે કોઈને રેકીની જરૂરીયાત હોય તેઓને નિઃશુલ્ક રેકી સારવાર માટે ૯૪૨૭૭૫૧૫૫૪ પર સંપર્ક કરવો.

**સિહોર :** અત્રેનાં સ્વ. ઉષાબેન શરદભાઈ દેસાઈની સ્મૃતિમાં સૌ. અર્ચના શ્રીકાંત દેસાઈના સૌજન્યથી પાંચ દિવસની 'પાતાંજલિ' યોગ શિબીરનું આયોજન થઈ ગયું.

**ભુજ :** અત્રે ગ્રામ વિકાસ એજન્સીના નિયામકના પી.એ. તરીકે ફરજ બજાવતા શ્રી પરેશ ઉમાકાંતભાઈ વૈશ્નવની તેઓની વહીવટી કાર્યદક્ષતા બદલ પૂર્વ કચ્છના ડી.એસ.પી.ના પી. એ. તરીકે નિમણુંક કરવામાં આવી.

ભુજનાં અમદાવાદ સ્થિત શ્રીમતી મંજરી મલય વૈશ્નવ(અંતાણી) અમદાવાદ કચ્છી મહિલા સમાજ દ્વારા યોજાયેલ નવરાત્રિ દરમ્યાન ગરબા હરિફાઈ, સ્ત્રી નિકેતન પાલડીમાં વેલડ્રેસમાં તથા સ્પોર્ટસ કલબ લાયન્સના ગ્રુપમાં પ્રથમ વિજેતા થવા બદલ પારિતોષીકો મેળવ્યાં.

**વડોદરા :** આયુર્વેદ તજજ્ઞ અને હાસ્ય કલાકાર ડો. રાજેન્દ્ર કે. હાથીનો હાસ્યસભર એપીસોડ ગીરનાર ચેનલ પરથી તા. ૧/૧૨ના રોજ 'ગમ્મત ગુલાલ' કાર્યક્રમમાં પ્રસારિત થયો.તેઓએ તેમની સ્વરચિત રમૂજો,હાસ્યના ફાયદાઓ,તાર્કિક વાતો વિશિષ્ઠ શૈલીમાં રજૂ કરેલ.

આયુર્વેદ તજજ્ઞ ડો. રાજેન્દ્ર કે. હાથીના પૌત્ર મિત શાર્દુલ હાથી (ઉ. વ. ૫) ઓપન બરોડા સ્કેટીંગ કોમ્પીટીશનમાં પ્રથમ વિજેતા બની ગોલ્ડમેડલ તથા પ્રમાણપત્ર હાંસલ કરી શાળા અને કુટુંબને ગૌરવ બક્ષેલ છે.

**સુરત :** અત્રેના વ.ના.ગૃહસ્થને લાંબી માંદગી અને સારવારને કારણે આર્થિક ખેંચ સબબ તબીબી સહાયની જરૂર હોવાથી દાતાઓને અપીલ...સંપર્ક : ૦૯૩૨૭૫૭૪૫૫૬ યોગેશભાઈ વ્હોરા.

**કલકત્તા :** ગુજરાત યુનિ.ના ભૂતપુર્વ પ્રોફેસર અને ગણિતજ્ઞ ડો. અરૂણભાઈ વૈદ્યનાં પૌત્રી કુ. ધરી (ધો. ૧૨)એ તાજેતરમાં વેસ્ટ બેંગાલના દૈનિક 'ધી ટેલીગ્રાફ' દ્વારા આયોજીત જીકે–અંતાક્ષરીમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ મેળવ્યો. આ સ્પર્ધામાં ૧૩૫ શાળાઓએ ભાગ લીધો હતો. અને કુલ ૨૫ વિષયોમાં ચિત્ર, રમતગમત,સંગીત પર સ્પર્ધા યોજાયેલ.

સુખમાં ચગે નહિ, દુઃખમાં ચળે નહિ એ પામે આનંદના અમી !

## ------ પ્રભુતામાં પગલાં ------

- અમદાવાદ સ્થિત શૈલેષભાઈ પ્રબોધરાય ઓઝાના પુત્ર સપનના લગ્ન ભુજ નિવાસી કૈવલ્યભાઈ છાયાનાં પુત્રી રૂચા સાથે.
- રાજકોટ સ્થિત પરાશરભાઈ કનકરાય બુચનાં પુત્રી સિદ્ધલના લગ્ન ઉના નિવાસી કિરીટભાઈ દેસાઈના પુત્ર અંકિત સાથે.
- જૂનાગઢના શ્રી કામેન્દુ શાંતિલાલ અવાશીયાના પુત્ર તેજસના લગ્ન જૂનાગઢના શ્રી દિવ્યાંગ નવીનચંદ્ર ઝાલાનાં પુત્રી ભૂમિ સાથે.
- જૂનાગઢના શ્રી નિખીલ રજનીકાંત મજમુદારનાં પુત્રી નિયતીના લગ્ન રાજકોટના શ્રી યોગેશ કૌશિકરાય માંકડના પુત્ર ડો. મનન સાથે.
- જૂનાગઢના શ્રી ન્યુટન ભરતભાઈ નાણાવટીનાં પુત્રી વૈશાલીના લગ્ન ગાંધીધામના ડો. નલિનકાન્ત વછરાજાનીના પુત્ર ગૌરાંગ સાથે.
- જૂનાગઢના શ્રી દેવર્ષિ વીનુભાઈ જોષીપુરાના પુત્ર દિશાંતના લગ્ન જૂનાગઢના શ્રી પ્રવિણભાઈ લાધાભાઈ કિકાણીનાં પુત્રી હિરલ સાથે.
- રાજકોટના શ્રી મયૂર દેવીપ્રસાદ જોષીપુરાના પુત્ર હિતાર્થના લગ્ન મુંબઈ નિવાસી સ્વ. ગૌરાંગભાઈ વૈશ્નવનાં પુત્રી દેવાંગી સાથે.
- જૂનાગઢના શ્રી અનિલ શાંતિલાલ અવાશીયાનાં પુત્રી આરતીના લગ્ન જૂનાગઢના શ્રી મૃગેશ(મયંક) સુરેન્દ્રભાઈ કિકાણીના પુત્ર વંદેશ સાથે.
- જૂનાગઢના શ્રી જયંત હરિકાંતભાઈ બુચના પુત્ર પલ્લવના લગ્ન જૂનાગઢના શ્રી વસંત ધીરજલાલ જોષીપુરાનાં પુત્રી જલશ્રી સાથે.
- જૂનાગઢના શ્રી ડોલરભાઈ ધીરજલાલ જોષીપુરાનાં પુત્રી કિંજલના લગ્ન શ્રી રશ્મિકાંતભાઈ ઈન્દુલાલ અંજારીયાના પુત્ર યોગ સાથે.
- જામનગર સ્થિત શ્રી જતીન જયાપ્રસાદ બક્ષીના પુત્ર કર્તવ્યના લગ્ન અમદાવાદ નિવાસી શ્રી સમીરભાઈ મહેતાનાં પુત્રી રચના સાથે.
- ભુજના શ્રી વિરેન્દ્રરાય અંતાણીનાં પુત્રી કૃતિનાં લગ્ન ગાંધીનગર સ્થિત શ્રી અક્ષય રાણાના પુત્ર તેજસ સાથે.
- વડોદરા સ્થિત કાવ્યા શશીનભાઈ માંકડનાં લગ્ન વડોદરાના કુલદીપ અવધૂતભાઈ બુચ સાથે.
- વ.વિદ્યાનગરના સેજલ પંકજભાઈ ઓઝાના લગ્ન અમદાવાદના મનદીપ ભૂપેન્દ્રભાઇ વસાવડા સાથે.
- વલ્લભવિદ્યાનગરના યશેષ પંકજભાઈ ઓઝાના લગ્ન મહુવાના ચાંદની રસેન્દુભાઈ દેસાઈ સાથે.
- જૂનાગઢ સ્થિત હેમંત દિવ્યકાંત નાણાવટીના પુત્ર ઋતુરાજના લગ્ન દિલ્હી સ્થિત મનિષા સાથે.

**નોંધ :** કેન્દ્ર,બોર્ડ તેમજ સ્નાતક પરીક્ષામાં યુનિ.માં પ્રથમ દસ ક્રમાંક મેળવી ઉત્તીર્ણ થનાર તેમજ અનુસ્નાતક કક્ષામાં કોઈપણ વિદ્યાર્થીઓના ફોટા સાથે સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવે છે. જે માટે તેમજ અન્ય ફોટા માટે રૂા. ૫૦/–પ્રોસેસ ખર્ચ પેટે મેટર સાથે જ મોકલવાના રહે છે. જે કુરિઅર મારફત કે રૂબરૂ જ પહોંચાડવાના રહે છે. ફોટા પાછળ અચૂક નામ લખશો અને સ્ટેપલ કરશો નહીં. હવેથી માત્ર વાર્ષિક લવાજમ જ સ્વીકારવામાં આવે છે.વચ્ચે થનાર ગ્રાહકોને જેટલા અંકો સ્ટોકમાં હશે તેટલા મોકલવામાં આવશે. આ અંકના સુવાકયો : શ્રી મધુકર માંકડ, જામનગર.

કામના બોજા કરતાં તેની ચિંતા માણસને વધારે ભારરૂપ લાગે છે.

શ્રી હાટકેશ્વરાય નમઃ શ્રી ગણેશાય નમઃ શ્રી અમ્બિકાય નમઃ

**આભાર... ABM TRAVELS અભિનંદન...**

૨૦૧૧ના નવલા વર્ષમાં ABM TRAVELS ૧૦ વર્ષ પૂર્ણ કરી અગીયારમાં વર્ષમાં પ્રવેશતા આપ સહુનો હૃદયપૂર્વક આભાર માને છે. હાટકેશ પરિવાર અને અન્યના અલભ્ય સહકારથી અમે ઘણા ઓછા સમયમાં સારી એવી પ્રગતિ કરી શકયા છીએ.

કન્યાકુમારીથી કાશ્મીર અને આગળ જઈને કૈલાસ માનસરોવર સુધી દ્વારકા–સોમનાથથી લઈને દાર્જીલીંગ ગેંગટોક સુધી અનેક પરિવારોએ ABM TRAVELS ટ્રાવેલ્સ દ્વારા આનંદદાયક પ્રવાસ માણ્યો છે. કેટલાક સાહસિક પરિવારોએ યુરોપ/અમેરીકા,ફારઈસ્ટ,ઓસ્ટ્રેલીયા/ન્યુઝીલેન્ડ અને આફ્રિકાની સફર પણ ABM TRAVELS દ્વારા કરી છે. ઘણા હનીમુન કપલોએ ગોવા, કેરાલા, સિમલા/મનાલીથી લઈને મોરેશિયસ, માલદિવ્સ/શ્રીલંકા, થાઈલેન્ડની ABM TRAVELS દ્વારા મોજ માણી છે. આ બધું અરસપરસના વિશ્વાસ અને સહકારથી શકય બન્યું છે. જે પ્રશંસનીય છે અને અમને દરેક રીતે પ્રોત્સાહીત કરવામાં અને આ ઉંચાઈએ પહોંચાડવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદરૂપ થનાર સહુનો ફરી એકવાર ખુબ ખુબ આભાર. આ તકે 'કલમ કડછી બરછી'નો વિશેષ આભાર માનવો ઘટે. જેમના અભિનંદન સંદેશાઓ મળ્યા છે તે સર્વેનો અત્રે આભાર.

આવનાર વર્ષોમાં તમારા તરફથી આવો જ પ્રતિસાદ વહેતો રહે તેવી આશા સાથે ઈષ્ટદેવને પ્રાર્થના સહ ફરી આભાર...ધન્યવાદ.

**અવિનાશ મહેતા 09820817318 abmtravels@gmail.com**

## -- સ્નેહભરી સગાઈ --

જૂનાગઢના ધૈર્યવદન પ્ર. વસાવડાનાં પુત્રી ડો. રત્નાનું સગપણ રાજકોટના મનોજભાઈ ન. ઓઝાના પુત્ર શૈલ સાથે. જૂનાગઢના યુએસએ સ્થિત પ્રેયસ મંગેશભાઈ ઘોડાનું સગપણ અમદાવાદ સ્થિત હિમાલી અંજનભાઈ જોષીપુરા સાથે. રાજકોટનાં ઝલક શૈલેષ વછરાજાનીનું સગપણ જામનગર નિવાસી ભુવન રાજેશ અંજારીયા સાથે. રાજકોટ સ્થિત મેઘાવી મુનિન્દ્રભાઈ બુચનું સગપણ ભાવનગર સ્થિત તેજસ મધુકરભાઈ માંકડ સાથે. રાજકોટ સ્થિત રાસવિહારી (રઘુવીર) ચિતરંજન વૈશ્નવનાં પુત્રી વિધિનું સગપણ રાજકોટ સ્થિત બિપીનભાઈ નયનચંદ્ર ઓઝાના પુત્ર સાર્થક સાથે. રાજકોટ સ્થિત મુનીકુમાર નવનીધરાય માંકડનાં પુત્રી દ્વિતાના લગ્ન મુંબઈ સ્થિત જ્યોતિનભાઈ જે. ધોળકિયાના પુત્ર જયેશ સાથે.



– સમર્થ સતીષ મહેતા, રાજકોટ.